III/1920 24-8-20 15

Reg. No. 272

હરઘડી હસાવનાર

વાવડી ચસ્કી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

શ્રી ભાગ્યોદય પ્રીન્ટીંગ પ્રેસમાં "જેઠાલાલ દેવશંકર દવેએ" છાપ્યું પાડીઆ—અમદાવાદ.

આવૃત્તિ ૮ મી. સને ૧૯૨૦. પ્રત ૩૦૦૦

કીંમત ૦—૨—૦

વાવડી ચસ્કી

૭૨૯

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૮૯૦૪૫
ગુજરાતી ઓમીશભાઈ સંગ્રહ

વાવડી ચસ્કી.

અંક ૧ લો.

સ્થળ રંગભુમિ.

સુત્રધાર—(વીણા વગાડતો વગાડતો પ્રવેશ કરે છે.)

કરમ કર મેરે હાલ પર અયે કરીમ—એ રાગ.

જગતના પતી એક તું સુખ સ્વરૂપ,
રહ્યો વ્યાપી સર્વે સદા તું અનુપ. જગતના.
કરી મહેર સૌપર દુઃખ ટાળજે,
દઇ સુખકારી સુખી રાખજે. જગતના.
સુબુદ્ધિ સુવિદ્યા મને આપજે,
કુબુદ્ધિ કુવિદ્યા દુરજ કાપજે. જગતના.

(સ્તુતિ કરી રહ્યા બાદ શ્રોતાજનો પ્રત્યે પ્રેમ અને વિનયથી.)

સુત્રધાર—આર્ય ભ્રાતો ! આજની રળીયામણી રજનીએ હું આપની સમક્ષ એક નાનકડી બાબતપર એક વાવડી ચસ્કીનું રસીલું હાસ્યરસ ભજવી બતાવનાર છું તે આપ એકાગ્ર ચિત્તે શ્રવણ કરશો એવી આશા છે (શ્રોતાઓ તેને તાળીઓ પાડી માન આપે છે.) બાદ સુત્રધાર તેમને પુષ્પથી વધાવી લે છે. તેવામાં નેપથ્યમાં.

વિદુષક—આશા છે તો આ પત્રાળી લે અને ચાલ મારી સાથે.

સુત્રધાર—વાહરે વિદુષકજી ! વાયદા પ્રમાણે પધાર્યા તો ખરા !

વિદુષક—કેમકે જીભડી આગળ ચાલવા લાગી કે ? વાયદો તું ને તારો બાપ, કાં તો મગ, ચોળા, તુવેરો ! બંદાને વાયડા બાયડા

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ८७४८ वर्गांक
पुस्तकनुं नाम બાપકી ચરનકી
विषय ९:२

ન સમજતો ! અમે તો આ ભાયડા છીએ, બાયડી સમજ્યો કે ?

સુત્રધાર—હવે માંથાફોડ મુકી ચાલ, મારૂં કહ્યું સાંભળીશ કે ?

(નેપથ્યમાં—હું કયાં ના કહું છું તે મારો વાંક કાઢવા માંડયો છે.)

વિદુષક—હવે બધી પંચાત મુકી હીંડને પેલા નરસીયાને ઘેર ? જોતો ખરો કે ત્યાં કેવી ધમાચકડી ધણી ધણીયાણીને ચાલી રહી છે?

(જાય છે.)

પ્રવેશ ૧ લો.

સ્થળ નરસીયાનું ઘર.

પાત્ર—નરસીયો, નાથુડી, ભગલો, ઘરાક અને લાડુશંકર.

નરસીયો—જો હવે મારૂં કહ્યું સાંભળીશ કે ?

નાથુડી—હું ક્યાં ના કહું છું તે મારો વાંક કાઢવા માંડયો ?

નરસીયો—લે અત્યારે સાંભળ; આજે લાડુશંકર ગોર લગનનું નક્કી કરવા આવનાર છે, માટે આપણે તે વખતે આનાકાની કરવીજ નહી. કારણ કે નાથાઓ થયો મોટો તેમ કન્યાનો છે ટોટો, ત્યારે હાથ ધોવા પાણીનો લોટો, કોણ આપે ખોટો કે મોટો ?

નાથુડી—એ તો ઠીક ! પણ મારા ચુડાની ચીપો ઉખડી ગઇ છે તેનું શુ કરવું છે ?

ભગલો—[દોડતો આવી] બાપા ! બાપા ! ઘરાક આવ્યું છે તે હીડા બોલાવે છે.

નરસીયો—મારૂં ત્યાં શું કામ છે ? જો આ ખીટી પર કોથળી છે તે લઈ વતુ કરી આવ.

ભગલો—પણ બાપા કદી વતાને બદલે ઓછું કરૂં તો કેમ ?

નરસીયો—(ખીજવાઇને) હશે જાને ગધેડીના મારી પણ મશ્કરી કરતાં શીખ્યો કે ? (ભગલો જતો રહે છે.)

નાથુડી—આ તો તમારી જીભ છે કે જીભડો ! તમારી લડાઈમાં મને ગાળો દોછોને ?

નરસીયો—લે હવે બધી પંચાત મુક, જો પેલા ગોર આવ્યા (ગોર આવે છે.)

ગોર—જે ગોપાળ ! જે ગોપાળ !

નાથુડી—આવો ગોર મહારાજ ! કેમ લગનનું નક્કી કર્યું કે ?

લાડુશંકર—એમાં તો વાંધો પડે ! રામનું બાણુ પાછું પડે તો મારૂં કામ પાછું પડે.

નરસીયો—ચાલ ત્યારે લ્યો આ દક્ષણા (રૂપીઓ આપે છે.)

લાડુશંકર—હારૂં જજમાન રાજા ! [જાય છે.]

નરસીયો—ચાલ ત્યારે હું પણ બજારમાંથી ખારેકો ખારેક લઇ આવું, નહિ તો બઇરાંને આપવા જોઇશે ત્યારે શું કરશું.

[જાય છે.]

પ્રવેશ ૨ જો.

સ્થળ—નરસીયાના ઘરનો ચોક.

પાત્ર—ગાનારાં બઇરાં, નાથુડી તથા નરસીયો ને ભગલો.

ગાનારાં બઇરાં— ગીત ૧ લું.

આજ તોરણ માંડવે બાંધ્યારે,
આજ ભગાભાઇના વીવાહ સાધ્યારે,
મારો ભગોભાઈ ડાહ્યો ડમરોરે,
એમનો શાળો તો જાણે કાળો ભમરોરે.
મારા ભગાભાઇ પુનમના ચંદરે,
જાણે ગોપીમાં શોભી રહ્યા નંદરે.
મારા ભગાભાઈ બહાદુર બળીયારે,
એમને જોઇ મોટા મોટા ધરણી ઢળીયારે.

ગીત ૨ જું.

હું તો સઢસત સ્યામને વીનવુંરે,
હું તો ગણુપત લાગુ પાય, વીવા વહેલા આવીયા.
મારા ભગાભાઇ લાવે લાડવારે,
એમની ગોરી વહુ ગોખે બેઠી ખાય. વીવા વહેલા.
મારા ભગાભાઇ લાવે ચુંદડીરે,
એ તો ગોરી વહુ પેહેરી મહાલેરે. વીવા વહેલા.
મારા ભગાભાઇ લાવે ખાંડ ટોપરાં,
એ તો ગોરી વહુ છાનીમાની ખાય. વીવા વહેલા.

ભગલો—માડી, ઓ માડી! હવે મને ખારેકો આપી દેને.

નાથુડી—અપાય છે પીટયા ગાંડા તારે શી ઉતાવળ છે!

નરસીયો—એમને વહેલાં ઘેર જવા દે, કે પરોઢીઆમાં જાન જાઇને જવાની છે તેથી વહેલાં પરવારી તૈયાર થાય.

લ્હાણુ વેહેંચી સૌને વીદાય કરે છે.

પ્રવેશ ૩ જો.

સ્થળ—ભાદ્રજ જવાનો રસ્તો.

પાત્ર—જાનૈયા સ્ત્રી પુરુષો.

જાનૈયા—રાજા વાત કહું છુ સાચી એ રાગ—કેરબો.

જુઓ જુઓ ભગલાલભાઇની ભાઇએ જાન ચાલીરે,
જાન ચાલીરે લેશું બાલ મ્હાલીરે. જુઓ.

૧ જાનઇયો—લાડુ જલેબી ઘેબર ખાશું, ખાશું શીરો પુરી;
ખુબ ખાઇને હોકા તાણુશું, જાણે ભરાણી જુરી. જુઓ.

૨ જાનઇયો—માગી તાગી લુગડાં લાવ્યો, શેઠનો કરવા ઠાઠ;
રોફ શોફથી ફરશું રોજે, તજી દેઇ ઉચાટ. જુઓ.

૩ જાનઇયો—રમત ગમત કરશું ભરશું ભાંગ કેરા લોટા;
લટકે મટકે લાલા ફરશું, ઓઢી ધોતી જોટા. જુઓ.
૪ જાનઇયો—ગાંજાનો ગુલાબી રંગ ઢંગ કરે દાતાર;
ખુબ સપાટા મારી ફુંકી, આનંદમાં રહેનાર, જુઓ.

૧ જાનઇયો—અલ્યા રાવળ, ગામની ભાગોળ આવી તોય ભુંગળો કેમ વગાડતા નથી ?

રાવળો—પણ ઢોલી ઢોલની દોરી બાંધી તૈયાર થાય ત્યારે વગાડીએ ને દાતા ?

જાનઇયો—ઠીક ઠીક, જલ્દી ફુંગોની (ઢોલ ભુંગળો વગાડતા સૌ ગામમાં જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ લગ્ન મંડપ.

લાલશંકર—વર કન્યા સાવધાન ! નાણાની કોથળી સાવધાન ! બરફી પેંડા સાવધાન ! ખાઓ પીઓ સાવધાન ! સોના ચોરી સાવધાન ! અગડં બગડં સાવધાન ! કન્યાની માડી કંસાર પીરસવા આવોરે બાઇ—ઈ—ઈ.

વર તરફના બઇરાં— ગીત.

એક ઝારા ઉપર ઝારીરે, એ તો કન્યા થઇ અમારીરે;
એ તો અમારાં કહ્યાં કરશેરે, એની માનાં બોલ્યાં ધરશેરે.

ગીત.

આવો આવો વેવાણો વહેલીરે,
જાઓ જાઓ એ ઝાંપડી કેવલીરે;
વરને પુંખતાં નાક તાણી, કેવી પડી ઝંખવાણી.

જો ચે જોયું તારૂં પાણી, આખું ઓઢા ક્યા સંતાણીરે,
ઓયરે મટકા વેયરે લટકો, વાહલાં વેવાણુ આ શા ચટકા
સોનેરીના લઇને કટકો, ખઓ જો ના હોયે ખટકો સપોસપ.

કન્યા તરફનાં બઇરાં— ગીત.

ઓલ્યા નરસીશા બાયડી ઓડીરે,
એક આંખ્યે છે કાંણી પગે ખોડીરે,
એની જગતમાં જડે નહિ જોડીરે. ઓલ્યા.
એનું મોઢું વાંકુને હોઠ જાડારે;
એ તો કરે છીનાળ વહુ ચાળારે. ઓલ્યા.
એ તો જોડી જાણે જોઇ લ્યો પાડીરે;
ચોરી ચોરી ખાય ખોપરાં કાઢીરે, ઓલ્યા.

જાનઇયા—હવે છાના મરો છાનાં, બહુ થયું, એવાં ગીત તે ગવાય કે ? લ્યો ચાલો વર કન્યાને એકી બેકી રમાડી થાપા દેવરાવી દઇએ.

(બધાં ઉતારા તરફ જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ભાદ્રજની ભાગોળની વાવ.

પાત્ર જાનઇયા ને વરરાજા તથા લોકો.

લલવો—અલ્યા જુલીયા ! યાર રાત્રે તો ઠીક ગમ્મત આવી હતી ! મારો વહાલો બગલો હુંશીયાર તો ખરો કે કે સાસુને નાક તાણવા ન દીધું.

ખોડીયો—પણ યાર, પાણીની બહુ બહુ પંચાત પડી, માટલામાં કાગળો પાણીએ નહોતું.

જુલીયો—પણ યાર ! આ ગામમાં તો પાણીની બહુ તાણ

છે. ફક્ત આ પેલી સામેની વાવ છે તેનું પાણી મીઠું છે. બાકી તો ખારૂં ખારૂં મગર.

લલવો—ત્યારે આપડે તે વાવ ગામમાં ઘસડી જઈએ તો કેવું ?

ખોડીયો—પણ શી રીતે ખેંચવી તે તો કહે.

ભુલીયો—આ તારા બાપનું બારમું થાય તમારામાં એટલીએ અક્કલ નથી કે આ વાવના તોડાએ દોરડાં બાંધી ખેંચીએ તો પછી કેમ ન આવે વારૂ ?

લલવો—પણ આટલાં બધાં દોરડાં લાવવાં ક્યાંથી ?

ખોડીયો—ગામમાંથી, બીજે ક્યાંથી ?

ભુલીઓ—અરે પણ અક્કલના દુશ્મન ? આપણે દોરડાં લેવા જઈએ તો રાંડની વાવડી સટકી ન જાય કે ? કારણ કે તેણે આ-પણી વાત સાંભળી છે માટે હવે તો એમ કરો આપણી પાઘડીઓના છેડા બાંધી રાંડને ઘસડી જઈએ.

વરરાજા—સત્તર આનાને બે પાઈની વાત !

(બધા પાઘડીઓ ઉકેલી વાવ માથે બાંધે છે ને ખેંચવા માંડે છે. આ તમાસો જતાં આવતાં લોકો જોવા ઉભા રહે છે.)

જાનઈયા—છેડા પકડી ખેંચો મારા બાપ ! હઈસો આવી ભેગા થઈને ! ભાઈ આવી જોર મારીને ! હઈસો ભાઈ.

(એવામાં પાઘડીઓ ફાટવાથી ચરરરનો અવાજ સાંભળી.

લોકો—અલ્યા જોરથી ખીંચો વાવડી ચસકી ખરી !

જાનઈયા—હંમ મારા બાપ ! હઈસો ચાલી ! એક સપાટે ? હઈસો ચાલી ? જોરથ ખેંચો ? ચસકી.

[ખુબ જોરથી ખેંચવાથી પાઘડીઓ તુટી જવાથી બધા એક મેકની ઉપર ભરરર ભસ કરતાં પડે છે ! તેમાં કંઈકનાં હાડકાં

રંગાય છે તે જોઇ લોક.)

લોકો—વાહરે ચસ્કી ! વાવડી ખેંચી તો ખરી ! હત તમારી જુનની ગાંડા પાડા મારૂ તમારી ! કંઇ અક્કલ ફુટી ગઇ છે તે વાવડી ખેંચી જાઓ છો ! આજ ભાંગ ગાંજાની ખુબી જણાવતા હશો વારૂ !

જાનઠ્યા—પણ અમે તો તમારા માટે મેહેનત કરતા હતા કે પાણીનું દુઃખ !

લોકો—જાઓ ! ગમાર જાઓ ફોગટની વાવડી ચસ્કી કરી !

(જાનઠ્યા એથી ખીજવાય છે; ને આખા ગામમાં એ વાત ફેલાય છે તેથી તેમને વાવડી ચસ્કી કહી ખીજવે છે. હજુ પણ આ કહેવત જગપ્રસિદ્ધ છે.)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ છપ્પનશાહનું ઘર.

પાત્ર–છપ્પનશાહ–નરસીયો, મણી શેઠાણી ઘમ્મલીયો ને ટપાલવાળો.

છપ્પનશાહ—(હજામત કરાવતાં) અલ્યા નરસીયા ભગલાની જાનમાં તો ઘણી નામના કરી વારૂ.

નરસીયો—માબાપ, એમાં મારો શો વાંક ? એતો સાળા ટેખળી ટેખળી ભેગા થઇ નાહક હમારી ન્યાતને લજવી મારી, પણ બાપા હવે તમે જાણો છો તો ખરા કે મારા ઘરમાં ખરચ વધ્યું તેથી કંઈ વેપાર બતાવો તો ઠીક.

છપ્પનશાહ—અલ્યા વેપારમાં તારૂં કામ નહીં, તું તારે.

મણી શેઠાણી—પણ એમાં બાપડાનું પુરૂં થતું ન હોય ત્યારે શું કરે ? [સીપાઇ

ધબ્બલીયો—પાંચ ઘરાક વધારે મુંડે (એવામાં ટપાલવાળો

ટપાલવાળો—છપ્પનશાહ છપ્પનશાહ લખપતી.

ધબ્બલીયો—લાવો કાગળ સીપાઇ કાગળ આપી જાય છે).

છપ્પનશાહ—અલ્યા ધબ્બલીયા ! વાંચ જોઇએ શું લખ્યું છે ?

ધબ્બલીયો—સાહેબ આતો પેલા આપણા આડતીયાએ લખ્યું છે કે લશ્કર તમારી તરફ આવનાર છે માટે માલ સંઘરી રાખજો.

છપ્પનશાહ—(મનમાં) આ લાગ ઠીક છે. આ રાંડના આ બાંયજાની કમબખ્તી આજ પુરી ઉતારૂં (પ્રકાશ) ત્યારે જા તું મોદીખાને જઇ સીધુ ખરીદી લે ને પછી અહીં આવજે. હું ભાજી મંગાવું તે સહી કરી લેવી કારણ કે એ લોકો શાકમાં તો તાંદલ-જાના ભાજી ખાય છે માટે જા તાકીદ કર.

ધબ્બલીયો—જેવા આપના હુકમ (એમ કહી જાય છે.)

નરસીયો—[હજામત ઉતાવળથી કરતાં મનમાં] હાશ ! આજ લાગ આવ્યો ! શેઠના ગુમાસ્તો સીધુ સહી કરી આવે તે પહેલાં હું બધી ભાજી ખરીદી લઉં કે મારૂં કામ થઇ જાય (પ્રકાશ) બગલ ઉઘાડો.

છપનશાહ—અલ્યા આજ તો વહેલી હજામત કરી રહ્યો વારૂ ?

નરસીયો—ભાઇ સાબ. આજ લગીર ઉતાવળ છે તેથી (મનમાં) બચ્ચાજી આજ આવો રળવાનો વખત મુકી અહીં શી મોકાણુ માંડવા રહું.

છપ્પનશાહ—ઠીક ત્યારે જા ઉતાવળો (તેના ગયા પછી) એટમજી ! તું મને ઠગે છે પણ આ વાણીઓ કયાં કાચો હતો

તે તારાથી ઠગાય. શેઠાણીને કહ્યું લ્યો ! ઉઠો હવે પાણી કાઢો.

અણીશેઠાણી—ઉઠો તારે (બને જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—શાકબજાર.

પાત્ર—નરસીયો તથા કાછીયા, પાછળથી ધુળ્યાકીયો.

નરસઇયો—(હરખાઇને.)

ભરી આવું રૂપીયા જુઓ મઝા—એ રાગ.

રળી લાવું રૂપીઆ ઘણા ઘણા,

ઘણા ઘણા, પછી લટક મટકથી ફરશું સદા—રળી લાવું.

ભાજી ભરી ભરી ભરૂ વખારે,

લાભ એમાં ઘણો ભાઇ ભાઇ આનંદ મજા—રળી લાવું.

બસ બસ હવે બંદાનો બેડો પાર ? આપણે હવે મોટા ધનેતરની પણ હજામત કરવાના નથી, હવે તો નોકર ચાકરો રાખી કામ કરાવવાના.

૧ લો કાછીયો—વંતાક જઇના દોઢશેરરે ભાઇ ઇ ઇ.

૨ જો કાછીયો—ચાલોભો સવાશેર કરીરે બરાકા ઓ ઓ.

૩ જો કાછીયો—મોગરી જાઇ શેરરે ભાઇ ઇ ઇ

નરસીયો—અલ્યા ભાજી શા ભાવે આપી.

કાછીયો—દોઢશેર ભાઇ દોઢશેર.

નરસીયો—અલ્યા મણનું શું લે છે ?

કાછીયો—મણના પાંચ આના.

નરસીયો—કેટલા મણ છે તારી પાસે ? ચાલ જેટલી હોય તેટલી જોખી આપ.

કાછીયો—તમારે જોઇએ છે કેટલી ?

નરસીયો—જેટલી હોય તેટલી.

કાછીયો—ત્યારે ઉભા રહો બધાને પુછી આવું.

નરસીયો—ઠીક જલદી કર. કાછીયો બીજા કાછીયાઓને પુછવા જાય છે એવામાં ધબ્બલચંદ આવે છે. કેમ શેઠ શીદ જઇ આવ્યા ?

ધબ્બલીયો—મોદીની વખારે હવે શેઠને ત્યાં જઇશ. પણ તમે અહીં કેમ આવ્યા છો ?

નરસીયો—શાક લેવા, તમે જરા મને સાંજરે મળજો હોકે !

ધબ્બલીયો—વારૂ હું જાઉં છું [એમ કહી જાય છે એટલામાં કાછીયો આવી.]

કાછીયો—બધી બજારની ભેગી કરતાં ચૌદસો મણ થાય છે કેમ રાખવી છે.

નરસીયો—હા, સહી. લે ચાલ મારી સાથે હું રૂપીયા આપું [બંને જાય છે.]

પ્રવેશ ૩ જો.

પાત્ર—નાથુડી, ભગલો, પાછળથી નરસીયો ને કાછીયો.

નાથુડી—અલ્યા ભગલા જોને હજુ તારા બાપા કેમ નથી આવ્યા ?

ભગલો—ઓ આવે, જો ખડકીમાં.

એટલામાં નરસીયો કાછીયા સાથે આવે છે.

નરસીયો—અલી સાંભળે છે ? મેડેથી પટારામાંથી રૂપીઆ લાવને ?

નાથુડી—લાવું છું. [કહી મેડે જાય છે જતાં જતાં] આજ આમને શું ભુત ભરાયું છે.

ભગલો—બાપા, શું આમને રૂપીઆ ધીરવા છે ?

નરસીયો—ના બેટા, એ તો આપણે એમનો માલ ખરીદેલો

છે તેના રૂપીઆ આપવાના છે એટલામાં નાથુડી આવીને રૂપીઆ આપે છે તે કાછીયાને આપે છે.

કાછીયો—[રૂપીઆ લઇને] પણ તોલ ઉપર તમારા માણસને મોકલો, ને તે ક્યાં ભરાવવી છે ?

નરસીયો—તમારેજ વખારમાં ભરાવજો, અમે તમને ભાડુ આપીશું.

કાછીયો—વારૂ ઠીક ચાલો ભગાભાઇ સાથે, [ભગલાને લઇને કાછીયો જાય છે.]

નાથુડી—કેમ આજ આટલા બધા હરખમાં આવી ગયા છો વારૂ ? કંઇ ઘેલછા બેલછા લાગી છે કે શું ?

નરસીયો—જારે ગાંડી જા ! તું તો સદા આવીજ રહી કે ? આજે તો સોનાનો સુરજ ઉગ્યો છે. હવે આપણાં ભાગ્ય તો સાણુએ ધોયા વીના ઉઘડી ગયાં.

નાથુડી—પણ ઓય હું મરૂંરે એટલુ બધું શું છે ?

નરસીયો—જો સાંભળ, આજ શેઠની હજામત કરવા ગયો હતો ત્યાં શેઠના ઉપર તેમના આડતીયાનો કાગળ આવ્યો કે લશ્કર આવનાર છે માટે સામાન સંઘરી રાખજો. તેથી શેઠે તો ગુમાસ્તાને તાબડતોબ મોદીખાને મોકલ્યો છે પછી ભાજીવાળાને ત્યાં જવાનું કહ્યું, તેથી મેં તે હજામત ઉતાવળી કરી તેમના લેતા પહેલાં બધી ભાજી ખરીદી લીધી એમાં આપણુને સારો તડાકો પડશે ને સ્હેજ બસો ચારસો મળશે.

નાથુડી—ઓયરે હું વારી જાઉં રે વરણાગીયા !

નીસાર તેરે નખરે નાજે અદાપર નીસાર—એ રાગ.

આનંદ મારા વ્હાલા, આજે છે આનંદ અપાર—ટેક.

રૂપીઆ રળશો સેઠીયા બનશો ફરશો મુક્ત દેશ તાર—મારા.
ફક્ષાં ને કામીએ મુને અપાવશો, સાડીયો સુંદર સાર—મારા.
ધન્ય ધન્ય આ દાડો પ્રભુ આવીઓ. થાપીઓ ઉરે કરાર—મારા.
(સરવે હરખે છુટકાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—શાકમારકીટનો વખારો.

પાત્ર—ભગલો, કાછીયા તથા તોલનારા.

ભગલો—વાહ ! વાહ ! વાહ ! વાહ ! વાહ ! વાહ !

અમન ચમન કરશે બંદા વાહવા ટેક.
ધોતીજોડા નવા લાવું, પેહેરૂ પાઘડી બેશ;
અબાબંધ અંગરખુ પહેરી, નવો રાખશું બેશ. વાહ.
લઇ લાકડી લાલ મઝાની, ફરશું અકડબંધ;
રેશમનો ગુંથાવી લાલુ, ગળે ગળુબંધ. વાહ.

કાછીયા—ભો હવે તમે તોળી રહ્યા કેમ ?

તોલનાર—હવે આટલું ગાડું બાકી રહ્યું છે તે તોલી લઇએ છીએ.

ભગલો—ઝટ કરો હ્યો, હું બીજી વખારેએ તાળાં વાસી આવું (એમ કહી તાળાં વાસી આવે છે. તોલનાર તોલી રહે છે એટલે પૈસા આપી સૌને વિદાય કરી ઘેર જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—છપ્પનશાહનું ઘર.

પાત્ર—છપ્પનશાહ, ધબ્બલીયો, પાછળથી નરસીયો.

છપ્પનશાહ—કેમ ધબ્બલીયા ? નરસીયા ચરકીનો ઠીક ઘાટ

ભડકોને ? રાંડનો આપણને ઠગવા આવ્યો ત્યારે ઠીક શીક્ષા પામ્યો ને ? સાળી ઘાંચજાની જાતજ અદેખી.

ધબ્બલીયો—હા શાબ ? તમે ઠીક તાલ લગાવ્યો. રાંડનો મારા પહેલો ત્યાં જઈ બધી ભાજી ખરીદ કરી ગયો હતો, માટે એજ લાગનો (એવામાં નરસીઓ આવે છે.)

નરસીયો—કેમ શેઠસાબ લશ્કર હજુ કેમ ન આવ્યું ?

છપ્પનશાહ—એ તો બારોબાર ગયું તેથી અમારે પણ સીધું વેચી નાખવું પડયું.

ધબ્બલીયો—તોપણ પૈસા તો સારા ઉપજયા શેઠ.

નરસીયો—(મનમાં) પણ તારૂં નખોદ જાય તારૂં મારે તો રામાયણ વળી, ને ચોદસોની ભાજી કાયો મારો બાપ લેશે ? ચાલ હવે તો બજારમાં જઈ વેચી નાખું. (પ્રકાશ) શેઠ હું જાઉં છું, સાંજે આવીશ.

છપનશાહ—વારૂ ઠીક (નરસીયો જાય છે) રાંડનાનું મોઢું ઉતરી ગયું છે ધબ્બલીયા.

ધબ્બલીયો—પણ બાદસાબ તેની ભાજી તો બધી બગડી ગઈ હશે કેમકે ઘાંચજાબાઠને તે સાચવતાં તે ક્યાંયો આવડે.

છપ્પનશાહ—ભોગ એના ચાલ મેડીપર જઈએ. (જાય છે).

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—શાક મારકીટની વખાર.

પાત્ર-કાછીયા અને નરસીયો.

નરસીયો—લ્યો આ કુંચીઓ જુઓ વખારો (માલ વખારો ઉઘાડી જુવે છે તો ઘણી ભાજી સડી ગયેલી જોઇ.)

કાછીયા—અરરર ! બાપરે આવો માલ તો કુતરાંએ ન ખાય, અમારે તો નથી જોઇતો શેઠ.

નરસીયો—(ગભરાઇને) પણ હવે શા ભાવે રાખશો તે કહેશોની ? મારે તો એ છેવટે કાઢી નાંખવી છે.

કાછીયા—આ બધાના રૂપીઆ સો આપીએ, કેમ બોલ્ય છે.

નરસીયો—ના સવાસો આપો.

કાછીયા—અરે માનોની શેઠ નહિતો ઉપડામણના પૈસા બેસશે.

નરસીયો—વારૂ લાવો સો તો સો (રૂપીઆ લઇ નરસીયો જાય છે. રસ્તે જતાં જતાં.)

નરસીયો—નખોદ જાયરે તારૂં છપ્પનશાહ ? મારા ગરીબનું ઘર માર્યું તેમાં તારા હાથમાં શું આવ્યું ? (વીચાર કરીને નહી નહી પણ એમાં એનો શો વાંક ? રાંડ વીષાત્રીનો વાંક મારા કે મેં નાહક તેની અદેખાઇ કરી. ભાઇ કોઇ અદેખાઇ ન કરતા, નહીં તો ખાડો ખોદે તે પડે તેમ તમારી સ્થીતી થશે, એમ કહી રૂપીયાને રડતો ઘેર જાય છે.)

સરવે પાત્રો—(મારા ભાગ્ય તણો નહીં પાર—એ રાગ.)

કોઇ ના કરો અદેખાઇ યાર, નહીતો થાશે ભારી ખ્વારી—ટેક.
જોયો તમે આ નજરે સૌએ, નરસીયાનો ખેલ,
જાન મહી મહોકાણ, થાય વાવડી વસ્કેલ. કોઇ૦
છપ્પનશાહે છેતરપીંડી કરી કર્યો તો ખ્વાર:
એવો કોઇ માથાનો મળે તો, આપે દુઃખ અપાર. કોઇ૦
આર્ય જનોના હીતના માટે, હરીલાલ કહે સાચું;
ઉપરની શીખામણ માનો, નહી તો ભાગે ડાચું. કોઇ૦

સમાપ્ત.